# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "વિશ્વ જમીન દિવસ"ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, દેવાતજ, ખેતીવાડી તથા બાગાયત ખાતું, આણંદ અને આત્મા પ્રોજેકટ, આણંદના સંયુક્ત ઉપક્રમે તા.૦૫.૧૨.૨૦૧૮, બુધવારના રોજ વિશ્વ જમીન દિવસની કે.વિ.કે, દેવાતજ ખાતે ઉજવણીની સાથે કૃષિ પ્રદર્શન-વ- ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં અલગ અલગ ગામના કુલ ૨૮૦ ખેડૂત ભાઈઓ તેમજ બહેનોએ ભાગ લીધેલ.

આ કાર્યક્રમમાં માન. સાંસદ સભ્યશ્રી દિલીપભાઇ પટેલના પ્રતિનિધિ તરીકે શ્રી મહેશભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ, આણંદ તથા શ્રી વિપુલભાઈ પટેલ, આણંદ જીલ્લા સંકલનકારશ્રી, પંડીત દિન દયાલ ઉપાધ્યાય ઉન્નત કૃષિ  શિક્ષણ યોજના, ડો. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ, ડો. સી. એન. પટેલ, જીલ્લા ખેતીવાડી અધિકારી, આણંદ, શ્રી એચ. બી. પારેખ, નાયબ બાગાયત નિયામકશ્રી, આણંદ, ડો. એન. જે. જાદવ, વડાશ્રી, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણ શાસ્ત્ર, બી.એ.સી.એ. આ.કૃ.યુ., આણંદ, શ્રી પી. બી. પરમાર, પ્રોજેકટ ડાયરેક્ટર, આત્મા આણંદ તેમજ જિલ્લાના અન્ય આગેવાનો, ગ્રામ સેવકો તથા પ્રગતિશીલ ખેડૂતો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલે સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમજાવી જમીનની ફળદ્રુપતાને કીટકનાશક રસાયણો અને વધુ પિયતથી થતાં નુકશાન અટકાવવા બાબતે વિસ્તૃત જાણકારી આપેલ.

ડો. સી. એન. પટેલ દ્વારા સોઇલ હેલ્થ કાર્ડની ઉપયોગીતા વિષે ચર્ચા કરવામાં આવી. શ્રી એચ. બી. પારેખે ખેડૂતોને ઈઝરાયેલમાં થતી ખેતી પધ્ધતિઓ વિષે માહિતગાર કર્યા અને ટકાઉ ખેતી પધ્ધતિ અપનાવી ગુણવત્તાસભર ઉત્પાદન વધારવા જણાવ્યુ. ડો. એન. જે. જાદવે આ વર્ષના વિશ્વ જમીન દિનની થીમ વિષે સમજૂતી આપી અને જૈવિક ખાતરોનો બહોળો ઉપયોગ કરવા જણાવેલ. માન. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ છાણીયા ખાતરની મહત્વતા સમજાવી સારી રીતે તૈયાર કરી ઉપયોગ કરવા બાબતે સમજૂતી આપી. ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) એ સજીવ ખેતી વિષે સૌને માહિતીગાર કર્યા હતા.

આ ઉપરાંત ખેડૂતોને મહેમાનો દ્વારા સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવેલ. પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો અને પોતે અપનાવેલી નવી તકનીકોનો ચિતાર આપ્યો હતો. કાર્યક્રમમાં એસ. બી. આઈ., રીજીયોનલ બીઝનસ ઓફિસ, આણંદ ના સૌજન્યથી માહિતી સંપુટનું વિતરણ કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે ડૉ. એસ.બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા  કરવામાં આવેલ.

.

# કાર્યક્રમની ઝાંખીઓ


(RKVY CDP)
ખેડૂત શીબીર
વર્ષ-૨૦૧૮-૧૯
તારીખ : ૫-૧૨-૧૮
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
ઉજવે છે
BE THE SOLUTION
TO SOIL POLLUTION
World Soil Day
Regional Business Office, Anand









